# જ્ઞાનગંગા

મુખપત્ર




ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત

## ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય

વર્ષ : ૬ અંકઃ૨૩-૨૪(ફક્ત આંતરિક વિતરણ) ઓકટોબર,૨૦૧૨


મહામાનવ ડૉ. બાબાસાહેબ આંબેડકર
તથા
સ્વામીશ્રી વિવેકાનંદજીના
શિક્ષણને છેવાડાના વિદ્યાર્થી સુધી પહોંચાડવાના વિચારને
ઈન્ફરમેશન અને કમ્યુનીકેશન ટેકનોલૉજી દ્વારા સાકાર કરતા
આપણાં વિશ્વવિદ્યાલયનું ગૌરવશાળી સોપાન

World's Most Advanced Classroom On Wheels

॥ કામધેનુ ॥

## સુપ્રતિષ્ઠિત EDGE AWARDથી સન્માનિત

વિદ્યાસેતુ કાર્યક્રમ **Audience Research Surveyમાં** દ્વિતીય ક્રમાંકે




**સૌ ભણે** **સુખ લણે**








**આપશ્રીને દીપોત્સવી**
તથા નૂતન વર્ષની શુભેચ્છાઓ, અભિનંદન !

**TEAM BAOU**
પ્રત્યેક વિદ્યા ઉત્સુક માનવી સુધી શિક્ષણ- પ્રશિક્ષણ પહોંચાડવા પ્રયત્નશીલ...

## ગૌરવ આપણા સૌનું




### World's Most Advanced Classroom On Wheels
### ॥ કામધેનુ ॥
### સુપ્રતિષ્ઠિત **EDGE AWARD**થી સન્માનિત

ડૉ.બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલયને UBM કંપનીનાં Information Week-Newsletter દ્વારા આપવામાં આવતો EDGE AWARD પ્રાપ્ત થયો છે. EDGE અર્થાત્ " Enterpries Driving Growth and Excellence." આ એવોર્ડ એવી સંસ્થા અને કંપનીઓને એનાયત કરવામાં આવે છે કે જેમણે ટેકનોલોજીનાં ઉત્તમ ઉપયોગ દ્વારા છેવાડાનાં લોકો માટે સમસ્યા નિવારણ અને સંસ્થાકીય ઉચ્ચ કાર્યક્ષમતાનું દૃષ્ટાંત પૂરું પાડયું હોય. ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલયને આ એવોર્ડ તેનાં 'કામધેનુ' પ્રકલ્પ માટે એનાયત થયો. ઉલ્લેખનીય છે કે, 'કામધેનુ' એ બી.એ.ઓ.યુ.ની કમ્પ્યુટર લેબોરેટરીથી સજ્જ એવી મોબાઈલવાન છે કે જેને ' Classroom On Wheels' તરીકે ખ્યાતિ મળી છે. તે દૂર–દૂરનાં વિસ્તારોમાં જઈ વિદ્યાર્થીઓને તેમનાં સમય અને સ્થળની અનુકૂળતાએ કમ્પ્યુટરનું જ્ઞાન પૂરું પાડે છે.

આ એવોર્ડ ગોરેગાંવ–મુંબઈના કન્વેન્શન એન્ડ એકઝીબીશન સેન્ટર ખાતે INTEROP-MUMBAI-2012 નામની કોન્ફરન્સમાં આપવામાં આવ્યો હતો. યુનિવર્સિટી તરફથી બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો એવા ડૉ. શ્રદ્ધાબેન રાય, શ્રી ધરમભાઈ કાંબલીયા, શ્રી પરાગભાઈ નાયક તથા કાર્યકારી કુલસચિવશ્રી પીયૂષભાઈ શાહ તથા નિયામક(એકેડેમિક) ડૉ. રવિ ગોર દ્વારા આ એવોર્ડ સ્વીકારવામાં આવ્યો. ઉપરાંત સમારંભમાં બી.એ.ઓ.યુ. પરિવારનાં શ્રી ધવલભાઈ બેંકર, ડૉ. મૌનસભાઈ ઠાકર તથા શ્રી દિપેશભાઈ જાની પણ હાજર રહ્યાં હતા.

સામાન્ય રીતે કોર્પોરેટ ક્ષેત્રની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓને એનાયત થતો આ એવોર્ડ બી.એ.ઓ.યુ.ને પ્રાપ્ત થયો, જે આપણા સૌ માટે ગૌરવની બાબત છે.

### વિદ્યાસેતુ કાર્યક્રમ **Audience Research Survey**માં દ્વિતીય ક્રમાંકે

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય અને દૂરદર્શન ડી.ડી. ગિરનાર, અમદાવાદના સહયોગથી 'વિદ્યાસેતુ' શૈક્ષણિક કાર્યક્રમ શનિવારે નિયમિત પ્રસારિત થાય છે. 'વિદ્યાસેતુ' જીવંત કાર્યક્રમ દરમ્યાન સમગ્ર ગુજરાતમાંથી ફોન દ્વારા તજ્જ્ઞો પાસેથી વિદ્યાર્થીઓ અને જ્ઞાન ઈચ્છુકો માહિતી મેળવે છે. મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાંથી પણ ફોન આવે છે. 'વિદ્યાસેતુ' કાર્યક્રમ ડી. ડી. ગિરનારના વ્યાપને લીધે આશરે 33 જેટલા દેશોમાં જોઈ શકાય છે.

દૂરદર્શન દ્વારા હાથ ધરવામાં આવેલ **"Audience Research Survey"**માં યુનિવર્સિટીના 'વિદ્યાસેતુ' કાર્યક્રમને **ટોપ ટેનમાંથી બીજા ક્રમે સ્થાન** પ્રાપ્ત કર્યું છે. જાન્યુઆરીના અંતમાં શરૂ થયેલા આ કાર્યક્રમને મે માસના પ્રથમ સપ્તાહના સર્વેમાં દ્વિતીય સ્થાન મળ્યું છે. પ્રાપ્ત થયેલી સિદ્ધિ એ આ કાર્યક્રમની ઉપયોગિતા અને લોકપ્રિયતા દર્શાવે છે.

સામાન્ય રીતે ટોપ ટેનમાં મનોરંજન કાર્યક્રમ વધુ જોવા મળે છે. પરંતુ 'વિદ્યાસેતુ' શૈક્ષણિક કાર્યક્રમ હોવા છતાં વધારે પ્રમાણમાં જોવાય છે, તે યુનિવર્સિટી અને આપણા સૌ માટે ગૌરવની વાત છે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| (1) | ગૌરવ આપણા સૌનું | 02 |
| (2) | નિયામકશ્રીની કલમે | 04 |
| (3) | ટપાલ આપની... ધન્યાતા અમારી ! | 05 |
| | ➢ જ્યોતિર્ગમય | |
| | ➢ વૈશ્વિક સ્તરની CCC-BAOU અભ્યાસ–સામગ્રીના ચૂંટેલા પ્રતિભાવો | |
| (4) | Ph.D. અભ્યાસક્રમ | 06 |
| (5) | વિદ્યાસેતુ | 07 |
| (6) | BLIS પરામર્શકોની કાર્યશાળા | 09 |
| (7) | કેન્દ્ર વિષયક | 10 |
| | ➢ ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણી | |
| (8) | પ્રાસંગિક | 11 |
| | સ્વાતંત્ર્યદિનની ઉજવણી | |
| (9) | યુનિવર્સિટીનું ગૌરવ | 11 |
| (10) | વિભાગીય માહિતી | 12 to 14 |
| | ➢ પ્રવેશ વિભાગ | |
| | ➢ B.Ed. વિભાગ | |
| | ➢ SC/ST સેલ | |
| | ➢ સ્વાધ્યાયકાર્ય વિભાગ | |
| | ➢ અભ્યાસકેન્દ્ર સંચાલન વિભાગ | |
| | ➢ ગ્રંથાલય–વિભાગ | |
| | ➢ અભ્યાસ–સામગ્રી વિભાગ | |
| | ➢ પરીક્ષા વિભાગ | |
| (11) | પ્રોગ્રામ એડવાઈઝરી કમીટી | 14 |
| (12) | CBCS કાર્યક્રમ | 14 |
| (13) | *इंटरनेट और हिन्दी* | 15 |
| (14) | પુસ્તક પરિચય | 16 |
| (15) | પરિસંવાદ, વકતવ્ય અને પ્રતિનિધિત્વ | 14 |
| (16) | SC/PC કેન્દ્રો તરીકેની માન્યતા | 17 |
| (17) | નવનિયુક્ત થયેલ APB સભ્યોની યાદી | 18 |
| (18) | નવનિયુક્ત થયેલ BOM સભ્યોની યાદી | 18 |
| (19) | સ્વાગતસહ આવકાર | 20 |
| (20) | જ્ઞાનગંગા સંદર્ભે નમ્ર નિવેદન | 20 |

## નિયામકશ્રીની કલમે

Dear All,

Season's greetings...............!!

Wishing a very happy festive season to you and may God Almighty shower blessings on all.

It gives me immense pleasure to reach to you all through this issue of Gyanganga. It is my first letter in Gyanganga after joining as Director of BAOU. I take this opportunity on behalf of all staff of the university to congratulate and welcome Dr. Manoj Soni as Hon. Vice Chancellor of BAOU for consecutive second term. We are sure with his vision and able leadership BAOU will prosper and flourish in all frontiers of academic excellence.

I would like to highlight some accomplishments of BAOU in recent months and also talk about future plans. BAOU has recently conducted entrance examinations for Ph.D. studies in twenty six subjects and the results will be declared by the time this issue of Gyanganga goes for circulation. The research focus of the university will primarily address issues which are of contemporary concerns of the society or the nation. These issues may range from education system, policies, needs and impact assessment of distance education, social issues, commerce and management, information technology, Indian history and culture and languages. BAOU will encourage focused research with findings that are valid and reliable and that can be translated to real world solutions.

With an intention to improve the student's self learning experience by giving them supplementary aids, BAOU successfully conducted three sessions on discussion of hard spots in the CCC course through Vidyasetu, our live phone in program on DD Girnar channel. Another series of discussion on hard spots in the PCO module of the BPP course will commence shortly. BAOU also is in the process to prepare expert lecture series in various courses and make them available online.

GIYO:BAOU is the latest initiative of BAOU with the vision of the Hon. Vice Chancellor. GIYO(Gujarat Initiative for Youth Opportunities) cell of BAOU will address through Vidyasetu, issues which are very closely related to the youth of today. The aim is to become a receiver of issues/suggestions that are raised/ given by the youth and try to direct them properly towards probable solutions. Vidyasetu will cover these issues under the series name "Youvan Vinjhe Paankh" to be discussed on the last Saturday of every month beginning from this November.

Study centers play an integral role as facilitators between the student/learner and BAOU. It is the study centers on which the students rely the most when it comes to basic administrative as well as academic queries. It becomes the major responsibility of the study centers to solve the queries of the students and help them. Some of the study centers play the role of such a facilitator well. BAOU wishes to strengthen the IT enabled teaching learning process and with a view to develop the basic infrastructure of such study centers, BAOU is in the process of thinking about devising an accreditation process which will enable BAOU to identify which study centers are worthy enough to receive such a support in priority. This accreditation process will also identify study centers which are not up to the minimum satisfaction mark.

BAOU recently won the Information Week EDGE award for its Kamdhenu Project. It also upped its ranking to the fourth position from its last years fifth position in terms on output in a national survey.

BAOU is primed to make a significant impact in the open university arena and its hub and spoke model with University as the hub and study centers as the spokes is geared up to gather momentum to do so.

Best wishes,
Dr. Ravi Gor
Director

## ટપાલ આપની... ધન્યતા અમારી !

તા.૨૮/૭/૨૦૧૨ને શનિવારે સાંજે ૮–૦૦ થી ૯–૦૦ દરમ્યાન "વિદ્યાસેતુ" કાર્યક્રમ અંતર્ગત જ્યોતિર્ગમય કાર્યક્રમ નિહાળ્યો. અદ્ભુત! આવા innovative વિચાર માટે ખૂબ ખૂબ અભિનંદન સ્વીકારશોજી. ભારતમાં નાના નાના અનેક innovations લોકો પોતાના રસના કાર્યક્ષેત્રમાં કરતા હોય છે. આવા innovations સામાન્ય રીતે સમાચારપત્રો દ્વારા કે સમૂહ માધ્યમો દ્વારા ભાગ્યે જ બહાર આવતા કે લોકોમાં જાહેર થતાં હોય છે. આવા પ્રકારના વિવિધ innovationsને સુગ્રથિત રીતે જાહેરમાં લાવવાનો અને તેનો સમાજના વિવિધ વર્ગોને લાભ આપવાનો પ્રયાસ એટલે "જ્યોતિર્ગમય". મને ચોકકસ શ્રધ્ધા અને વિશ્વાસ છે કે "જ્યોતિર્ગમય"ના પ્રયાસો દ્વારા બહુજન ઉપયોગી અનેક પ્રયોગો/સાધનાઓ બહાર આવશે અને ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય યોગ્ય રીતે ચકાસણી બાદ તેને પ્રમાણિત કરશે.

Innovationsને ચકાસણી દ્વારા પ્રમાણિત કરીને તેને લગતા ટૂંકાગાળાના અભ્યાસક્રમો ચલાવવાનો વિચાર અને પહેલ કરનાર કદાચ ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય પહેલું હશે. આ માટે ફરીથી આપને ખૂબ ખૂબ અભિનંદન.

હવે બીજા વધુ ત્રણ વર્ષ ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલયને આપની સેવાઓની વધુને વધુ ઉચ્ચશિખરે લઈ જવાની ભગવાન સ્વામિનારાયણે તક આપી તે બદલ અભિનંદન અને શુભેચ્છાઓ.

Shri. P. C. Shah
Lib.Committee Member, Dr.BAOU.

## વૈશ્વિક સ્તરના CCC-BAOU અભ્યાસક્રમની અભ્યાસ–સામગ્રીના ચૂંટેલા પ્રતિભાવો

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય દ્વારા નવા અભિગમ સ્વરૂપ CCC અભ્યાસક્રમ ચાર ભાષામાં શરૂ કરવામાં આવેલ છે. આ અભ્યાસક્રમમાં રૂપાંતરિત થયેલ પુસ્તકનું લુકઆઉટ, તેની અંદરની માહિતી વગેરે વિશે મળેલા કેટલાક પ્રતિભાવો

1- **"Interesting, nice and colourful book."**
Suthar Kinjal G.(212012103722CCC)

2- **"Attractive, Excellent and easy to read book."**
Amar Bhuvika S.(212012103702CCC)

3- **"It is very easy to teach about computer from this book. There is a good explanation of computer & its other parts I would like to read this book."**
Amar Jayshreeba M.(212012103704CCC)

4- **"Good knowledge in book."**
Mkwana Naresh K.(23)

5- **"Easy & Excellent book."**
Mer Komal N.(25)

6- **"Brief, concise & simple book."**
Bhagora Nirali K.(79)

7- **"Simple & easy for reading."**
Shaikh Sabana S.(212012109197CIC )

8- **"ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય દ્વારા આપેલ પુસ્તકમાં કલર અંગે ખૂબ આકર્ષણ થાય તેવી છે."**
Dabhi Jeetu Chandulal (212012103684CCC)

9- **"આ CCCની બુક બહુ સરસ છે. તેમાં અંદરની માહિતી ચિત્રો સાથે સ્પષ્ટ રીતે રજૂઆત કરવામાં આવી છે. દરેકનું ટૂંકમાં નામ અને તેની શોર્ટ કી ખૂબ જ ઉપયોગી બને છે. આ પુસ્તક વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને બહુ સરળ રીતે તેમને સમજી શકાય અને આ બુક વાંચીને પણ તમે ઘરે બેઠા પ્રેકટિસ કરી શકો છો."**
Barot Bijal T.(212012103678CCC)

10- **"ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય દ્વારા રજૂ થયેલ CCC Course માટેનું પુસ્તક દેખાવ અને વાંચનનાં દૃષ્ટિકોણથી જોતાં ઘણું આકર્ષક લાગે છે. ફોર કલરમાં રજૂ થયેલ પુસ્તક તેમાં લખાયેલ માહિતી વાંચવા આકર્ષે છે. માહિતીનું સચિત્ર વર્ણન પરીક્ષાલક્ષી છે "સમગ્રપણે ખૂબ જ સરસ પુસ્તક છે"**
Raval Suyogkumar Bharatkumar
(212012103715CCC)

11- **"The book is very easy to remember. In the some sections are easy understand with students and languages are very easy."**
Vaidya Dhuva K.(212012103726CCC)

12- **It is very excellent book.**
Parmar Bhuvika S.(212012103702CCC)

# ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયમાં ૩૦ વિષયો સાથે પ્રારંભ

## Ph.D.અભ્યાસક્રમ

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય દ્વારા સૌપ્રથમ વખત ચાર ભાષામાં Ph.D.નો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે. વિદ્યાસેતુ કાર્યક્રમમાં દૂરદર્શન ગિરનાર ચેનલ પર યુનિવર્સિટીના આ કોર્સનું ઉદ્‌ઘાટન તા. 21/07/2012ના રોજ 8.00 કલાકે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં Ph.D. વિશે વિસ્તૃત માહિતી ડૉ. મહેન્દ્રભાઇ ચોટલીયા અને ડૉ. ગૌરાંગભાઇ જાની દ્વારા આપવામાં આવી. નીચેના 30 વિષયમાં યુનિવર્સિટી દ્વારા Ph.D. પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવી.

| | | | |
|---|---|---|---|
| કોમર્સ | ફૉરેન લેન્ગવેજ : રશિયન | ઇન્ટરનેશનલ રિલેશન્સ | પોલીટીકલ સાયન્સ |
| કોમ્પ્યુટર સાયન્સ | ફૉરેન લેન્ગવેજ : જર્મન | લૉ | સાયકોલોજી |
| ડિસ્ટન્સ એજ્યુકેશન | અંગ્રેજી | લાઈબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ | પબ્લિક એડમિનિસ્ટ્રેશન |
| ઈકોનોમિક્સ | ગુજરાતી | મેનેજમેન્ટ | સોશિયોલૉજી |
| એજ્યુકેશન | હિન્દી | માસ કમ્યુનિકેશન | સોશિયલ વર્ક |
| ઈન્ડોલોજી | ઈતિહાસ | પરફોર્મિંગ આર્ટ્સ | ટૂરિઝમ સ્ટડીઝ |
| ફાઈન આર્ટસ | સંસ્કૃત | ફિલૉસોફી | ઈંગ્લીશ લેન્ગવેજ ટીચિંગ |
| ફૉરેન લેન્ગવેજ : ફ્રેંચ | ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી | | |

તા. 21/07/12ના વર્તમાનપત્રમાં જાહેરાત આપીને Ph.D.ના અભ્યાસક્રમનો શુભારંભ કર્યો હતો. તા. 21/07/12 થી તા. 30/08/12 સુધી Ph.D. ઓનલાઈન પ્રવેશ કર્યો હતો. વિદ્યાર્થી માટે પરીક્ષાની હોલ ટિકિટ અને બેઠક વ્યવસ્થાને વેબસાઈટ પર મૂકવામાં આવી હતી. 7800 થી વધુ ફોર્મની ચકાસણી કરી પ્રવેશ પરીક્ષા માટે લાયકાત ધરાવતા ઉમેદવારની પરીક્ષાનું આયોજન તા. 23/9/12ના રોજ અમદાવાદના નવ કેન્દ્રો પર કરવામાં આવ્યું હતું, જેમાં 4127 ઉમેદવારોએ કુલ 26 વિષયો માટે પરીક્ષા આપી હતી.



## Ph.D. માર્ગદર્શકોની ઓનલાઈન નોંધણી

ઉપરોક્ત વિષયોમાં જરૂરી લાયકાત ધરાવનાર વિદ્વાનો તથા અધ્યાપકોને Ph.D.અભ્યાસક્રમમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયના માન્ય રીસર્ચ સુપરવાઈઝર (માર્ગદર્શક) તરીકેની માન્યતા મેળવવા માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવા સાદર નિમંત્રણ છે. આ અંતર્ગત જુદા જુદા વિષયના માર્ગદર્શકો માટેની આવેલી અરજીઓની ચકાસણી કરી, નિયમાધિન માન્યતા આપવાની કામગીરી કાર્યરત છે.

# ॥ विद्यासेतु ॥

डॉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય અને દૂરદર્શન ડી.ડી. ગિરનાર, અમદાવાદના સહયોગથી તા. 24/01/2012ની વસંતપંચમીના શુભ દિવસે ગુજરાતના સર્વપ્રથમ શૈક્ષણિક કાર્યક્રમ વિદ્યાસેતુનો શુભારંભ કરવામાં આવ્યો.

આ કાર્યક્રમ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમજ જ્ઞાનપિપાસુ જાહેર જનતાને વિષય નિષ્ણાંતો દ્વારા વિષયનું તલસ્પર્શી 'માર્ગદર્શન' મળી રહે તેવા હેતુથી શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમનું પ્રસારણ દર શનિવારે સાંજે 8 થી 9 દરમ્યાન દૂરદર્શનની ગિરનાર ચેનલ પર લાઈવ ફોન ઈન કાર્યક્રમ દ્વારા કરવામાં આવે છે તથા તેનું **પુનઃ પ્રસારણ રવિવારે સવારે 11 થી 12 કલાકે કરવામાં આવે છે.**

આ કાર્યક્રમ શ્રેણી દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓને, યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમો સમજવામાં મદદરૂપ થાય છે તે ઉપરાંત યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમોની માહિતી અને માર્ગદર્શન પણ દર્શકોને મળી રહે છે. દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદના સ્ટુડિયોમાં ઉપસ્થિત જે તે વિષયના નિષ્ણાંત સાથે ફોન દ્વારા સંપર્ક કરી ગુજરાત અને ગુજરાતની બહાર વસેલા વિદ્યાર્થીઓ તેમજ અન્ય વ્યકિત આ વિષયને લગતી પોતાની સમસ્યાઓના ઉકેલ લાવી શકે છે. આ કાર્યક્રમ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી રહેલા વિદ્યાર્થીઓને તો મદદરૂપ થાય છે, તે ઉપરાંત અન્ય સામાન્યજનને પણ રસ પડે એવા વિષયને પણ મહિનાના છેલ્લા શનિવારે સ્થાન આપવામાં આવ્યું છે.

## "વિદ્યાસેતુ" કાર્યક્રમ અંતર્ગત નીચેના કાર્યક્રમનું પ્રસારણ થયું.

| અ.નં. | વિષય | તજજ્ઞ | પ્રસારણ<br>સાજે 8.00 થી 9.00 |
|---|---|---|---|
| **1.** | સ્પે. બી. એડ્. | ડૉ. શ્રદ્ધાબહેન રાય, ડૉ. ભાસ્કર મહેતા | તા. 04-02-2012 શનિવાર |
| **2.** | બી. એડ્. | ડૉ. મહેન્દ્ર ચોટલીયા, ડૉ. આર. ડી. મૂળિયા | તા. 11-02-2012 શનિવાર |
| **3.** | સર્ટિફિકેટ ઈન કમ્પ્યૂટર કન્સેપ્ટ (CCC) | ડૉ. નીતાબહેન શાહ, ડૉ. વિમલ પડયા | તા. 18-02-2012 શનિવાર |
| **4.** | પોષણ : આહાર, વિચાર, વિહારનુ | પૂજય શાતિભાઈ, ડૉ. આરતી પટેલ, ડૉ. જયેશ પટેલ | તા. 25-02-2012 શનિવાર |
| **5.** | બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ | શ્રી. પી. સી. શાહ, ડૉ. ચેતના શાહ | તા. 03-03-2012 શનિવાર |
| **6.** | સર્ટિફિકેટ ઈન યોગ વિજ્ઞાન | ડૉ. વિક્રમ ઉપાધ્યાય, પ્રૉ. ફાલ્ગુન પટેલ | તા. 10/03/2012 શનિવાર |
| **7.** | હોટેલ એન્ડ ટૂરિઝમ મેનેજમેન્ટ | ડૉ. હિતેશ સઘવી, શ્રી કૌશલ આચાર્ય | તા. 17/03/2012 શનિવાર |
| **8.** | પોષણ : આહાર, વિચાર, વિહારનુ (વિશેષ સદર્ભ : સગર્ભા માતાઓ માટે) | શ્રીમતી બિન્દુ ગામીત, ડૉ. શિલીન શુકલ | તા. 24/03/2012 શનિવાર |
| **9.** | આગણવાડી | ડૉ. રામ શુકલ, શ્રીમતી વિદ્યા પસારી | તા. 03/03/2012 શનિવાર |
| **10.** | ડિપ્લોમા ઈન મધર એન્ડ ચાઈલ્ડ હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર | શ્રીમતી સુવર્ણા કદબ, ડૉ. બકુલ લેઉવા | તા. 07/04/2012 શનિવાર |

| અ.નં. | વિષય | તજજ્ઞ | પ્રસારણ<br>સાંજે 8.00 થી 9.00 |
|---|---|---|---|
| 11. | સર્ટિફિકેટ ઈન ડૉ. બાબાસાહેબ આંબેડકર લાઈફ એન્ડ થોટ્સ | ડૉ. કિશોર મકવાણા, ડૉ. જગદીશ સોલંકી | તા. 14/04/2012 શનિવાર |
| 12. | NGO મેનેજમેન્ટ | શ્રી રાજેશ ભટ્ટ, શ્રીમતી અનાર પટેલ | તા. 21/04/2012 શનિવાર |
| 13. | પોષણ : આહાર, વિચાર, વિહારનુ | શ્રી હર્ષદ શાહ, ડૉ. ગૌરાંગ જાની | તા. 28/04/2012 શનિવાર |
| 14. | માર્ગદર્શન : પ્રવેશ અને પરીક્ષા | ડૉ. ધવલ પંડયા, શ્રી ભાવિન ત્રિવેદી | તા. 05/05/2012 શનિવાર |
| 15. | કમ્યુનિકેશન સ્કીલ ઈન ઈંગ્લિશ | ડૉ. નીરજા અરુણ, ડૉ. જગદીશ જોશી | તા. 12/05/2012 શનિવાર |
| 16. | ડિપ્લોમા ઈન સંસ્કૃત લેંગ્વેજ | ડૉ. શાંતિકુમાર પંડયા, ડૉ. નિરંજન પટેલ | તા. 19/05/2012 શનિવાર |
| 17. | પોષણ : આહાર, વિચાર, વિહારનુ | શ્રી હંસલ ભચેચ, ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ | તા. 26/05/2012 શનિવાર |
| 18. | ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયના વિવિધ અભ્યાસક્રમો | ડૉ. ધવલ પંડયા, શ્રી ભાવિન ત્રિવેદી | તા. 02/06/2012,<br>તા. 09/06/2012 શનિવાર |
| 19. | CCC અભ્યાસક્રમ | ડૉ. વિમલ પંડયા, શ્રી પ્રદીપ કોટકર | તા. 16/06/2012 શનિવાર |
| 20. | B.A./B.Com. અભ્યાસક્રમ | શ્રી સુભાષ બ્રહ્મભટ્ટ, શ્રી સૌરભ ચોકસી | તા. 23/06/2012 શનિવાર |
| 21. | પોષણ : આહાર, વિચાર, વિહારનુ (વિશેષ સંદર્ભ : યુવતીઓ) | ડૉ. મૃગેશ વૈષ્ણવ, ડૉ. વિલાસબેન મહેતા | તા. 30/06/2012 શનિવાર |
| 22. | સમાજશાસ્ત્ર | ડૉ. આમ્રપાલી મર્ચન્ટ, ડૉ. હેમાક્ષી રાવ | તા. 07/07/2012 શનિવાર |
| 23. | Ph.D. અભ્યાસક્રમ | ડૉ. મહેન્દ્ર ચોટલીયા, ડૉ. ગૌરાંગ જાની | તા. 21/07/2012 શનિવાર |
| 24. | જયોતિર્ગમય | ડૉ. સિતાંશુ યશશ્ચંદ્ર ડૉ. હેરિશ ગેરસોમ, ડૉ. મનોજ સોની | તા. 28/07/2012 શનિવાર |
| 25. | Ph.D. પ્રવેશ | ડૉ. બી. એમ પરમાર, ડૉ. ધર્મેન્દ્ર બકરાણીયા | તા. 04/08/2012 શનિવાર |
| 26. | B.Ed. અભ્યાસક્રમ | ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા, ડૉ. મીના રાજપૂત | તા. 11/08/2012 શનિવાર |
| 27. | આઈ. ટી એન્ડ મેનેજમેન્ટ અભ્યાસક્રમ | ડૉ. નિલેશ મોદી, ડૉ. કવિતા ક્ષત્રિય | તા. 18/08/2012 શનિવાર |
| 28. | ગોડ પાર્ટીકલ્સ | ડૉ. જે. એન. દેસાઈ, પ્રો. કમલનયન જોશીપુરા | તા. 25/08/2012 શનિવાર |
| 29. | મલ્ટીમીડિયા એન્ડ એનીમેશનને લગતા અભ્યાસક્રમ | શ્રી રોહિત સ્વરૂપ, શ્રી શૈલેષ ટન્ડેલ | તા. 01/09/2012 શનિવાર |
| 30. | રિસર્ચ મેથડોલોજી | ડૉ. રવિ ગોર, ડૉ. દર્શિની દાદાવાલા | તા. 15/09/2012 શનિવાર |

**વિદ્યાસેતુ કાર્યક્રમમાં પ્રસારિત થનાર વિષયની જાણકારી દર્શકમિત્રો અગાઉથી યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર log in કરી મેળવી શકો છે. દર શનિવારે આપને લગતા જે તે વિષયની માહિતી અને માર્ગદર્શન મેળવવા ઈચ્છાતા અથવા પ્રશ્નોના ઉકેલ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થી અને દર્શકમિત્રો દર શનિવારે રાત્રે 8.00 થી 9.00 દરમ્યાન અમદાવાદ દૂરદર્શન કેન્દ્ર ફોન નં. 26853714,26853816 પર સંપર્ક કરી, પ્રશ્નો પૂછી લાઈવ ફોન ઈન કાર્યક્રમમાં સહભાગી બની શકો છો.**

## કાર્યશાળા

# બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સ પરામર્શકો માટે એક દિવસીય કાર્યશાળા

### તા.૩૧.૦૭.૨૦૧૨,મંગળવાર

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના વ્યાવસાયિક અભ્યાસની ગુજરાતી માધ્યમમાં રાજય વ્યાપી સુવિધા રચી, ગ્રંથાલય અને માહિતી સેવાક્ષેત્રે વિદ્યાર્થીઓને વ્યાવસાયિક કારકિર્દી ઘડવાની તક ૨૦૦૯થી પ્રારંભ કરનાર ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય દ્વારા પરામર્શકો માટેની એક દિવસીય કાર્યશાળા તા.૩૧.૦૭.૨૦૧૨ મંગળવારના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, અમદાવાદ ખાતે યોજવામાં આવી હતી. જેમાં અભ્યાસકેન્દ્રોમાંથી પરામર્શકો ઉપસ્થિત રહયાં હતાં.



કાર્યશાળાની શરૂઆત પ્રાર્થના દ્વારા કરી, માન. કુલસચિવશ્રી પીયૂષભાઈ શાહ અને શ્રી પી. સી. શાહ દ્વારા કાર્યશાળાનું દીપ પ્રાગટય સાથે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આવનાર સભ્યશ્રીઓનું પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. નિયામક શ્રી ધવલભાઈ પંડયા દ્વારા આવકાર અને શ્રી ભાવિનભાઈ ત્રિવેદી દ્વારા આવનાર મહેમાનોનો પરિચય આપવામાં આવ્યો. પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં માન. કુલસચિવશ્રી પીયૂષભાઈએ જુદાજુદા ઉદાહરણો દ્વારા ગ્રંથાલય મહત્ત્વ અને ગ્રંથાલયનું ભૂમિકા ઉપરાંત હવે પછીના વર્ષોમાં ગ્રંથાલય કેવું હશે?, પેપરલેસ ગ્રંથાલય, e–ગ્રંથાલય વિશેના પોતાના વિચારો રજૂ કરી ગ્રંથ, ગ્રંથવાચન અને ગ્રંથાલયનું જીવનમાં મહત્ત્વ સમજાવી, પરામર્શકોની કાર્યશાળાની સફળતા વિશે ઈચ્છા વ્યકત કરી હતી. શ્રી પી. સી. શાહ દ્વારા પ્રાસંગિક વકતવ્ય આપવામાં આવ્યું. સદર કાર્યશાળાના અધ્યક્ષ માન. કુલપતિ શ્રી મનોજભાઈ સોની કાર્યવ્યસ્તતાના કારણે ઉપસ્થિત રહી શકયા ન હતા. જોકે તેઓશ્રીએ કાર્યશાળાને શુભેચ્છા અને સફળતા પાઠવી હતી.

પ્રથમ બેઠકના ચેરમેન શ્રી આર. એમ. પટેલનું સ્વાગત કરવામાં આવ્યું તથા રિપોર્ટર જનરલ તરીકેની કામગીરી શ્રી છગનભાઇ ભૈયાને સોંપવામાં આવી.



કાર્યશાળામાં ઉપસ્થિત પરામર્શકોનું અભિવાદન કરતા ગ્રંથપાલ અને સંયોજક ડૉ. ચેતનાબેન શાહે કાર્યશાળાનો હેતુ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, દૂરવર્તી શિક્ષણમાં વિદ્યાર્થીઓના સ્વ–અધ્યયનમાં પરામર્શકોની સવિશેષ જવાબદારી રહે છે.

પ્રથમ બેઠકમાં શ્રી નવલસિંહ વાઘેલાએ પરામર્શકોના કાર્યો અને સત્રો વિશે સમજ આપી હતી. ડૉ. મયંકભાઈ ત્રિવેદીએ IT પ્રેકિટકલ માટેની સુવિધા ઉપર ભાર મૂકતા જણાવ્યું હતું કે તે માટે પૂરતો સમય ફાળવવાનું આવશ્યક છે. શ્રી રમણભાઈ પટેલ આ બેઠકના અધ્યક્ષ હતા.

બીજી બેઠકમાં શ્રી રમણભાઈ પટેલ તેમજ શ્રી નવલસિંહ વાઘેલાએ અનુક્રમે 3p(વર્ગીકરણ પ્રાયોગિક) અને 4p(સૂચિકરણ પ્રાયોગિક)ની વિશદ્ સમજ આપી હતી. શ્રી માનસિંહભાઈ ચૌધરી આ બેઠકના અધ્યક્ષ હતા.

ત્રીજી બેઠક પરામર્શકોના પ્રતિભાવો અને સૂચનો માટેની હતી. પ્રારંભમાં શ્રી છગનભાઇ ભૈયાએ BLIS અભ્યાસક્રમમાં ગુજરાતની પુસ્તકાલય પ્રવૃત્તિ, પ્રાયોગિકમાં ગુજરાતી પુસ્તકો તેમજ ગુજરાતી ભાષામાં પ્રકાશિત સંદર્ભગ્રંથોનો સમાવેશ કરવા ભારપૂર્વક રજૂઆત કરી હતી. શ્રીમતી તોરલબેન પટેલ, ડૉ.





ઉમેશભાઇ પટેલ, શ્રી કૈલાશભાઇ શ્રીમાળી, શ્રી કંચનભાઈ પટેલ, ડૉ. વૈશાલીબેન ભાવસાર, ડૉ. ગીતાબેન પટેલ, શ્રી મહેશભાઇ સોલંકી વગેરે પરામર્શકો દ્વારા રજૂ કરવામાં આવેલા સૂચનો થકી ત્રીજી બેઠક જીવંત બની રહી હતી.

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના પ્રમુખ શ્રી પી. સી. શાહે દિવસ દરમ્યાનની સમગ્ર કામગીરીની છણાવટ કરતાં જણાવ્યું હતું કે કદાચ ભારતીય મુકત વિશ્વવિદ્યાલયોમાં પરામર્શકોના પ્રશ્નોની રજૂઆત અને કાર્યશાળા માટેનું આયોજન પ્રથમ વખત જ કરવામાં આવ્યું છે અને તે માટે યુનિવર્સિટી દ્વારા જે પ્રયાસ કરવામાં આવ્યો છે તે સમગ્ર શિક્ષણ જગતમાં ધન્યવાદને પાત્ર છે, જે યુનિવર્સિટી અને આયોજક માટે ખૂબ જ ગૌરવની વાત છે તેમણે કાર્યશાળાના આયોજન અને સફળતા બદલ ખૂબ જ અભિનંદન પાઠવ્યા હતા.

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન અભ્યાસક્રમના PAC ના સભ્યો દ્વારા વિદ્યાર્થીના હિતમાં અને પરામર્શકોને ઉપયોગી વર્કશોપ ખૂબ સફળતાપૂર્વક યોજવા બદલ યુનિવર્સિટી અને આયોજકને શુભેચ્છા પાઠવી હતી.

તમામ પરામર્શકો દ્વારા યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ આ પ્રયાસ બદલ યુનિવર્સિટી અને આયોજકનો અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે "અમે પણ આપના પરિવારના સભ્ય છીએ તેનો આનંદ અને ગૌરવ છે."

ભવિષ્યમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય આવા જ કાર્યક્રમ યોજે અને યુનિવર્સિટીનું ગૌરવ વધે તેવી શુભેચ્છા પાઠવીને આયોજકનો ખૂબ આભાર માન્યો હતો.

બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોરમેશન સાયન્સ અભ્યાસક્રમના કોર્સ કો–ઓર્ડિનેટર અને યુનિવર્સિટીના ગ્રંથપાલ ચેતનાબેન શાહે આભાર વ્યકત કરતા જણાવ્યું હતું કે, આવેલા સૂચનો ઉપર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. આણંદ એજયુકેશન કોલેજના ગ્રંથપાલ ડૉ. વૈશાલીબેન ભાવસારે શબ્દોના સુંદર શણગાર સાથે અત્યંત રસપ્રદ રીતે એન્કરીંગનું કાર્ય કર્યું હતું. સમગ્ર વર્કશોપનું આયોજન ગ્રંથપાલ ડૉ. ચેતનાબેન શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.



## ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિની ઉજવણી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા ચલાવાતા અભ્યાસકેન્દ્ર બનાસ જનકલ્યાણ ટ્રસ્ટ, અમીરગઢ(૧૦૦૮) ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરના જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી.

આ કાર્યક્રમમાં કેન્દ્રના ટ્રસ્ટી મંડળના સભ્યો, સરસ્વતી વિદ્યામંદિરના આચાર્યશ્રી તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વિદ્યામંદિરની બાળાઓએ પ્રાર્થનાથી કરી હતી. ત્યારબાદ અભ્યાસકેન્દ્રના સંયોજક દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી અને તેમનો પરિચય આપ્યો હતો અને ડૉ. બાબાસાહેબ આંબેડકરે ભારતીય સમાજને ભારતીય બંધારણ દ્વારા આપેલ યોગદાન વિશે માહિતી આપવામાં આવી હતી.

ત્યારબાદ ટ્રસ્ટના મંત્રીશ્રી રમણભાઈ પટેલે "સામાજિકક્રાંતિના માર્ગ પર ડૉ. આંબેડકરનું પદાપર્ણ" વિશે વકતવ્ય આપ્યું હતું. તેમને અસ્પૃશ્ય સમાજને આગળ લાવવા શિક્ષિત સમાજની હિમાયત કરી હતી. તેમનામાં રહેલ ધાર્મિક અને સંસ્કૃત ભાષા પ્રત્યેના તેમના પ્રેમ વિશે પણ માહિતી આપતાં કહયું કે તેમના પિતાજી સુબેદાર પાસેથી મળેલ સંસ્કારોથી તેમને ભજન અને કબીર દોહા ગણગણાવતા હતાં અને તેથી ૩૧મી જાન્યુઆરી ૧૯૨૦ના રોજ શરૂ થયેલા પોતાના સમાચારપત્ર 'મૂકનાયક'ના પ્રથમ અંકની શરૂઆત જ તુકારામના એક અત્યંત જાણીતા અભંગથી કરી હતી.

" અબ માનૂકયોં ભય હોકર નિઃશક જગમે ગૂંગેકો
કોઈ નહીં હોતા, શર્મ કરને સે હિત નહીં હોતા... "

કાર્યક્રમના અંતમાં અભ્યાસકેન્દ્રના સંયોજકશ્રી ભરતભાઈ પઢિયાર દ્વારા શનિવારના રાત્રે ૮ : ૦૦ કલાકે દૂરદર્શન અમદાવાદ ગિરનાર ચેનલ પર ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. દ્વારા ચલાવાતા "વિદ્યાસેતુ" કાર્યક્રમ વિશે માહિતી આપી તથા આવેલ તમામ મહેમાનોનો કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા બદલ આભાર માન્યો હતો. કાર્યક્રમની તમામ વ્યવસ્થા કેન્દ્રના સંયોજકશ્રી દ્વારા કરવામાં આવી હતી.

## પ્રાસંગિક :

### સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

*ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય તેમજ આર. સી. ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટના સંયુક્ત ઉપક્રમે સંસ્થાના પટાંગણમાં 64મા સ્વાતંત્ર્યદિનની ઉજવણી આર. સી. ટેક્નિકલના પ્રિન્સિપાલ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવીને કરવામાં આવી હતી.*

*રાષ્ટ્રીયપર્વના આ કાર્યક્રમમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી અને નિયામકશ્રી તેમજ બંને સંસ્થાના કર્મચારી, વ્યાખ્યાતાશ્રી, અધિકારીશ્રી અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આર. સી. ટેક્નિકલના પ્રિન્સિપાલશ્રીએ પ્રસાંગિક પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ આર. સી. ટેક્નિકલના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, એન.સી.સી કેડેટ્સની પરેડનું નિદર્શન કરવામાં આવ્યું હતું.*

## યુનિવર્સિટીનું ગૌરવ

### 1 યુનિક વર્લ્ડ રેકોર્ડ



શ્રી ભાનુભાઈ નાનજીભાઈ પટેલ, હાલ ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયમાં કન્સલ્ટન્ટ તરીકે સેવા બજાવે છે. તેમણે તેમના આઠ વર્ષના જેલવાસ દરમ્યાન એકત્રીસ(૩૧) જેટલી શૈક્ષણિક ડિગ્રી, ડિપ્લોમા અને પ્રમાણપત્ર પ્રથમ પ્રયત્ને જાન્યુઆરી–૨૦૦૫ થી ડિસેમ્બર–૨૦૧૧ના સમયગાળા દરમ્યાન મેળવ્યા છે. આ સમગ્ર ડિગ્રી, ડિપ્લોમા અને પ્રમાણપત્રો તેમણે ચાર યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત કર્યા છે. જેમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયના અભ્યાસક્રમનો પણ સમાવેશ થાય છે. તેમની આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ તેમને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ, એશિયા બુક ઓફ રેકોર્ડ અને યુનિક વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. યુનિવર્સિટી ખાતેના તેમના આઠ મહિનાના સેવાકાળ દરમ્યાન તેમણે બીજી આઠ ડિગ્રી, ડિપ્લોમા અને પ્રમાણપત્રો મેળવ્યા છે. સમયનો સદઉપયોગ જાણવાની જિજ્ઞાસા, જ્ઞાનની પિપાસા હોવી જોઇએ અને જીવનમાં પરિવર્તન લાવવા માટે કોઈ ચોક્કસ સમય, નિયમ અને સ્થાન હોતા નથી, બસ વ્યક્તિના હૃદયમાં જિંદગીના પથ પર આગળ વધવાની તમન્ના અને દ્રઢ મનોબળ હોવા જોઈએ. વિવિધ વિષયોનું શિક્ષણ અને અભ્યાસ દ્વારા દુનિયાને તથા સમાજને તેના વિવિધ સ્વરૂપોમાં સમજવાનો આ તેમનો નમ્ર પ્રયાસ છે.

### 2 ગુજરાત સાહિત્ય અકાદમી પારિતોષિક

ડૉ.બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિષયના આસી. પ્રોફેસર શ્રી ભરત ઠાકોરને વર્ષ



૨૦૦૯માં પ્રગટ થયેલા સંશોધન ભાષા–વ્યાકરણ વિભાગમાં શ્રેષ્ઠ પુસ્તક "ગુજરાતી અને હિન્દી ભાષાના પ્રથમ માન્ય શબ્દકોશ : એક તુલનાત્મક અધ્યયન" એ પુસ્તક માટે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાત રાજયના મા. મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાના હસ્તે પારિતોષિક એનાયત થયો.

## પીએચ.ડી. થયા



ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કન્સલ્ટન્ટ શ્રી માનસિંહ જે. ચૌધરીનો "આધુનિક ગુજરાતી નવલકથામાં આંતર ચેતનાપ્રવાહ : એક અભ્યાસ" વિષય પર ગુજરાત યુનિવર્સિટી એકેડેમિક સ્ટાફ કોલેજના ડાયરેકટર ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ રજૂ કરેલા મહાનિબંધને ગુજરાત યુનિવર્સિટીએ માન્ય કરી તેમને Ph.D.ની પદવી આપેલ છે.

શિ - શિક્ષામાં પણ પ્રેમ અને ઉપદેશ હોય છે.

ક્ષ - ક્ષમા તેમનું પ્રથમ કર્તવ્ય હોય છે

ક - કર્મ કરવાની કામગીરી સતત અને અવિરત કરે છે.

દિ - દિવસ અને રાત જોયા વિના કર્મ કરે છે.

ન - નથી કોઈ અપેક્ષા ફક્ત વિદ્યાર્થીનું ઘડતર કરવાને નેમ.

- અજય નાયક

સંકલન–આદિત્ય કિરણ–06 સપ્ટેમ્બર–2012

## પ્રવેશ વિભાગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયનો વિદ્યાર્થી સાથેનો નાતો તેની પ્રવેશ પ્રક્રિયાથી શરૂ થાય છે. યુનિવર્સિટીની પ્રવેશ પ્રક્રિયા વર્ષમાં બે વાર થતી હોય છે. ઓગષ્ટ-2012 સત્રના પ્રવેશ અન્વયે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી. જે અનુસંધાને પ્રવેશનો સમયગાળો તા. 15/05/2012 થી 30/06/2012 સુધીનો નિશ્ચિત કરવામાં આવ્યો હતો તથા તે સંદર્ભે વર્તમાનપત્રો, દૂરદર્શન ગિરનાર ચેનલ પર 'હેલો! વિદ્યાસેતુ' કાર્યક્રમ દ્વારા અને યુનિવર્સિટીની વેબસાઈટ પર જાહેરખબર આપવામાં આવી હતી.

આ પ્રવેશ પ્રક્રિયામાં ફેબ્રુઆરી-2012ના સત્રમાં BPP અભ્યાસક્રમ પાસ કરી B.A./B.Com.ના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે લાયક બનતા વિદ્યાર્થીઓને કે જેમને દૂરવર્તી શિક્ષણપ્રથામાં પ્રમોટી વિદ્યાર્થી તરીકે ઓળખવામાં આવે છે. તેઓને ઓગષ્ટ-2012ના સત્રથી પ્રવેશ મળી રહે તે હેતુસર પ્રવેશપત્રક મોકલવામાં આવ્યા તથા સ્નાતક અભ્યાસક્રમ(B.A./B.Com.)ના પ્રથમ વર્ષ પ્રમોટી વિદ્યાર્થીઓને દ્વિતીય વર્ષ માટે, દ્વિતીય વર્ષ પ્રમોટી વિદ્યાર્થીઓને તૃતીય વર્ષ માટે અને અનુસ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષ (M.A.-1)ના પ્રમોટી વિદ્યાર્થીઓને દ્વિતીય વર્ષ M.A.-2માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશપત્રક મોકલવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત ઉપરોક્ત અભ્યાસક્રમ માટેના પ્રમોટી વિદ્યાર્થીઓ માટેના પ્રવેશપત્રક આપણી યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. જેથી વિદ્યાર્થીઓને આ પ્રવેશપત્રક સરળતાથી વિના મૂલ્યે ઉપલબ્ધ થઈ શકે.

આ સત્રથી ફ્રેશ(પ્રમોટી સિવાયના) વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા માટે ભરવાની થતી ફી અંતર્ગત એક વિશિષ્ટ સુવિધા તથા વિકલ્પ આપવાનું નક્કી કરવામાં આવ્યું. જે અંતર્ગત વિદ્યાર્થીને પે–ઈન–સ્લીપથી ફી ભરવાની સુવિધા ઉપરાંત એસ. બી. આઈ. બેંકની I-Collect સુવિધા દ્વારા પણ ફી ભરી શકાય તેવો વિકલ્પ અને સુવિધા આપવામાં આવી હતી. I-Collect સુવિધા મુજબ વિદ્યાર્થી ઘેર બેઠા ઈન્ટરનેટની મદદથી Online ફી ભરી શકે છે તથા તેની રિસીપ્ટ પ્રવેશફોર્મ સાથે જોડી ફોર્મ જે–તે કેન્દ્ર પર જમા કરાવી શકે છે. આમ, આ સુવિધાથી વિદ્યાર્થીએ બેંકમાં પે–ઈન–સ્લીપથી ફી ભરવાની જરૂરિયાત રહેતી નથી અને પોતાની સુવિધા મુજબના સ્થળે, સમયે આ પદ્ધતિથી ફી ભરી શકે છે.

પ્રવેશપ્રક્રિયા અંતર્ગત પેટા કેન્દ્રને તેમના વિદ્યાર્થીઓના પ્રવેશપત્રક તેમના જિલ્લાના કેન્દ્ર પર મોકલવાનું સમયપત્રક જરૂરી સૂચનાઓ સાથે આપવામાં આવ્યું. જે અનુસંધાને હાલમાં બધા જ કેન્દ્રોમાંથી નોંધપાત્ર વધારા સાથે પ્રવેશપત્રક યુનિવર્સિટી ખાતે પ્રાપ્ત થયા છે. હાલમાં આ પ્રવેશપત્રકની ચકાસણી બાદ online Entryની પ્રક્રિયા યુનિવર્સિટી ખાતે કરવામાં આવી હતી. જે પૂર્ણ થયા બાદ જે–તે કેન્દ્રો પર

## બી.એડ્.વિભાગ

Aug-2012ના બી.એડ્ પ્રવેશ માટે ફોર્મ વિતરણ તા. 25/07/2012 થી તા. 30/08/2012 સુધી બી.એડ્.ના દસ અભ્યાસકેન્દ્રો અને રાજકોટ પ્રાદેશિક કેન્દ્ર પરથી કરવામાં આવી. પ્રવેશ પરીક્ષા યુનિવર્સિટીનાં પાંચ કેન્દ્રો અમદાવાદ, રાજકોટ, સુરત, પાટણ અને મુંદ્રા પર લેવામાં આવી. ત્યારબાદ મેરીટમાં આવેલ વિદ્યાર્થીઓએ પ્રવેશ પ્રક્રિયા માટે તા. 24, 25, 26/11/2012ના રોજ યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલયે આવવાનું રહેશે. તા. 30/12/2012થી બી.એડ્. અભ્યાસક્રમનું સત્ર શરૂ કરવામાં આવશે.

બી. એડ્. 2009 ના કુલ - 293 ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને માર્કશીટ પોસ્ટ કરવામાં આવી છે. તેમજ વર્ષ 2007 અને 2008ના વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ પોસ્ટ કરવામાં આવી છે.

## SC/ST Cell

અમદાવાદ, સુરત, ભાવનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરા, આણંદ, ગાંધીનગર, કચ્છ–ભૂજ, પંચમહાલ, નર્મદા, પોરબંદર, ખેડા, મહેસાણા, જુનાગઢ, અમરેલી, પાટણ, જામનગર, ભરૂચ જિલ્લાઓમાંથી મંજૂર થઈ આવેલી શિષ્યવૃત્તિ રકમના ચેક વિદ્યાર્થીઓને રજિસ્ટર્ડ એડી પોસ્ટથી મોકલ્યાં છે. ઓગષ્ટ-2011ના સત્રના SC/ST વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિ ફોર્મની દરખાસ્તો ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીની કચેરીઓ ખાતે મોકલવામાં આવેલ છે. ફેબ્રુઆરી-2012ના સત્રના SC/ST વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિ ફોર્મ યુનિવર્સિટી ખાતે જમા કરાવવાની છેલ્લી તા. 31/05/2012 હોવાથી અભ્યાસકેન્દ્રોએ શિષ્યવૃત્તિ ફોર્મ યુનિવર્સિટી પર ન મોકલવા. હાલમાં ફેબ્રુઆરી-2012ના સત્રના ભરાયેલ શિષ્યવૃત્તિ ફોર્મ ચકાસવાની, ક્ષતિપૂર્તતા અર્થે વિદ્યાર્થીને પરત મોકલવાની તથા જિલ્લાઓમાં દરખાસ્ત મોકલવાની કામગીરી ચાલુ છે.

ખાસ નોંધ :–

1. શિષ્યવૃત્તિ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ ફોર્મ સાથે મામલતદારશ્રી અથવા તાલુકા વિકાસ અધિકારીશ્રીનો જ આવકનો દાખલો જોડવો.

2. અભ્યાસકેન્દ્ર સંચાલકોએ ફોર્મ સાથે આપેલ સૂચનાપત્ર(ચેકલિસ્ટ) મુજબ શિષ્યવૃત્તિ ફોર્મ ચકાસણી કર્યા બાદ જ ફોર્મ યુનિવર્સિટી ખાતે મોકલાવવા અન્યથા અપૂર્તતાવાળું ફોર્મ રદબાતલ કરવામાં આવશે.

SC/ST બહેનોએ શિષ્યવૃત્તિ લેવા માટે પૂરેપૂરી ફી ભરવાની થાય છે. માહિતી પુસ્તિકામાં દર્શાવ્યા મુજબ ફી ભરવાની રહેશે. જે વિદ્યાર્થીનીઓએ ઓછી ફી ભરેલ હશે તેઓને શિષ્યવૃત્તિ મળશે નહીં. આ બાબતનું માર્ગદર્શન જે તે કેન્દ્ર સંચાલકોએ વિદ્યાર્થીઓને આપવા વિનંતી.

## સ્વાધ્યાયકાર્ય વિભાગ

દૂરવર્તી શિક્ષણ એટલે સ્વ–અધ્યયન, સતત અધ્યયન અને તેનું સતત મૂલ્યાંકન. વિદ્યાર્થીઓ સતત અધ્યયનથી જે શીખ્યા હોય તેના મૂલ્યાંકનના ભાગરૂપે સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવા ફરજિયાત છે. સ્વાધ્યાયકાર્યો એટલે પરીક્ષા માટેના દિશા સંકેત. સ્વ–અધ્યયનના આધારે તૈયાર કરાયેલ વિદ્યાર્થીઓના સ્વાધ્યાયકાર્યોનું મૂલ્યાંકન જે તે પાઠ્યક્રમના તજજ્ઞશ્રીઓ દ્વારા કરવામાં આવે છે. જેની સૂચનાઓ ધ્યાને લઈ વિદ્યાર્થીઓ પરીક્ષામાં સફળતા મેળવવા સઘન પ્રયત્નો કરે છે. સ્વાધ્યાયકાર્યોમાં પ્રાપ્ત કરેલ ગુણોનું ફાઈનલ માર્કશીટમાં ૩૦% મહત્ત્વ હોય છે. તેથી વિદ્યાર્થીઓને સૂચિત કરવામાં આવે છે કે તમે તમારી અભ્યાસ–સામગ્રી પહેલાં વાંચો પછી સમજીને સ્વાધ્યાયકાર્યો તૈયાર કરશો જેથી સારા ગુણ પ્રાપ્ત કરી, તમે શ્રેષ્ઠ પરિણામ મેળવી શકો.

જાન્યુઆરી ૨૦૧૨માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને પોતાના સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાની છેલ્લી તારીખ ૩૧/૦૫/૨૦૧૨ હતી જે પૂર્ણ થઇ છે, તેથી દરેક અભ્યાસકેન્દ્ર ખાતે સ્વાધ્યાયકાર્યોનું મૂલ્યાંકન કરાવવા માટે ગુણપત્રક/ મૂલ્યાંકનપત્રકો હાલમાં મોકલવામાં આવ્યા છે. અભ્યાસકેન્દ્ર/પ્રોગ્રામ કેન્દ્રોના સંયોજકશ્રીઓને ફોન દ્વારા તેમજ પત્ર દ્વારા ઓગષ્ટ–૨૦૧૧ના પ્રવેશાર્થીઓના મૂલ્યાંકન થયેલા સ્વાધ્યાયકાર્યોના ગુણપત્રક યુનિવર્સિટી ખાતે મોકલવા જાણ કરી છે. જેલના અભ્યાસકેન્દ્ર પરથી આવેલા સ્વાધ્યાયકાર્યોનું મૂલ્યાંકન કરાવી તે મૂલ્યાંકનપત્રક સાથે પરત કરવામાં આવ્યા, જેનો લાભ વિદ્યાર્થીઓને પરીક્ષામાં ચોકકસ મળ્યો હશે.

યુનિવર્સિટી દ્વારા જેલમાં પ્રસ્થાપિત અભ્યાસકેન્દ્રોના વિદ્યાર્થીઓના સ્વાધ્યાયકાર્યોનું મૂલ્યાંકન યુનિવર્સિટી ખાતે કરાવવામાં આવે છે. નડીયાદ જેલ, રાજકોટ જેલ, જૂનાગઢ જેલના પ્રવેશાર્થીઓના સ્વાધ્યાયકાર્યો યુનિવર્સિટીમાં આવી ગયા છે. બીજી અન્ય જેલના બંદી ભાઈઓના સ્વાધ્યાયકાર્યો યુનિવર્સિટી ખાતે મોકલવા સંયોજકશ્રીઓને ફોન તેમજ પત્ર દ્વારા જાણ કરી છે.

યુનિવર્સિટીમાં માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમોમાં વર્ષ – ઓગષ્ટ ૨૦૦૮થી, તેમજ બેચલર ડિગ્રી અભ્યાસક્રમો, ડિપ્લોમા અભ્યાસક્રમોમાં વર્ષ ઓગષ્ટ–૨૦૦૯થી પાઠ્યક્રમ દીઠ એક–એક સ્વાધ્યાયકાર્ય તૈયાર કરવાની નવી પદ્ધતિ શરૂ થઇ છે. જૂના વિદ્યાર્થીઓથી સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવામાં ભૂલ ન થાય તે માટે ઉપરોકત માહિતી વારંવાર અભ્યાસકેન્દ્ર ખાતે તેમજ વિદ્યાર્થીઓને ફોન દ્વારા આપવામાં આવે છે. એમના બાકી રહેલા સ્વાધ્યાયકાર્યો જૂની પદ્ધતિ મુજબ છે, જે યુનિવર્સિટીની વેબસાઈટ પરથી અથવા અભ્યાસકેન્દ્રમાંથી મેળવીને તૈયાર કરવાના રહેશે. વિદ્યાર્થીઓએ પોતાના અભ્યાસક્રમ/પાઠ્યક્રમના સ્વાધ્યાયકાર્ય નંબર–૩ મૂલ્યાંકન માટે યુનિવર્સિટી ખાતે મોકલવાના રહેશે. હવેથી અભ્યાસકેન્દ્ર પરથી દરેક વિદ્યાર્થીના આવેલા સ્વાધ્યાયકાર્યોના ગુણ પરીક્ષા પરિણામના સ્ટેટમેન્ટમાં દર્શાવવામાં આવશે. વિદ્યાર્થીઓ જે પાઠ્યક્રમના સ્વાધ્યાકાર્યમાં નાપાસ થયા હોય તે પાઠ્યક્રમના સ્વાધ્યાયકાર્ય પુનઃ તૈયાર કરી અભ્યાસકેન્દ્ર/યુનિવર્સિટી ખાતે જમા કરાવવાના રહેશે જે ધ્યાને લેવા નમ્ર વિનંતી.

ઓગષ્ટ–૨૦૧૨માં પ્રવેશ મેળવેલા તમામ વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ/પાઠ્યક્રમોના સ્વાધ્યાયકાર્યો જે–તે અભ્યાસ–સામગ્રી સાથે અભ્યાસકેન્દ્ર પર પહોંચાડવામાં આવેલ છે. તેથી દરેક વિદ્યાર્થી ભાઈ–બહેનોએ પોતાના સ્વાધ્યાયકાર્યો,અભ્યાસ–સામગ્રી સાથે કેન્દ્ર પરથી મેળવી લેવા.

## અભ્યાસકેન્દ્ર સંચાલન

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય યુનિવર્સિટી દ્વારા જે અભ્યાસકેન્દ્રો/પ્રોગ્રામકેન્દ્રોને વિદ્યાર્થીઓની સંખ્યાના આધારીત ફેબ્રુઆરી–**2012**થી એપ્રિલ–**2012** ત્રણ માસનું માનદ્‌વેતન ચૂકવવામાં આવ્યું છે. મે–**2012** થી જુલાઈ–**2012** ત્રણ માસનું માનદ્‌વેતન એડવાન્સ ચૂકવવામાં આવ્યું છે. ફેબ્રુઆરી–**2012**થી જુલાઈ–**2012** સુધીનું કુલ છ માસનું માનદ્‌વેતન (મહેકમ) ચૂકવવામાં આવ્યું છે.

## ગ્રંથાલય વિભાગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય દ્વારા ચાલતા બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ(BLIS) અભ્યાસક્રમના Aug-2012ની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઇ છે. પ્રવેશ પામેલ વિદ્યાર્થીને પ્રવેશની જાણ કરવામાં આવી છે. કેન્દ્રોને પ્રવેશની યાદી અને અભ્યાસ–સામગ્રી મોકલી આપવામાં આવી છે. પ્રવેશયાદી વેબસાઈટ પર મૂકવામાં આવી છે.

પરામર્શનસત્રનું આયોજન કરી કેન્દ્રોને જાણ કરી છે. ટૂંક સમયમાં પરામર્શન સત્રો કેન્દ્રો પર શરૂ થશે.

**BLIS કેન્દ્રોને અગત્યની સુચના**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ચાલતા BLIS અભ્યાસક્રમ માટે સત્ર February 2013 પ્રવેશ જાહેરાત યુનિવર્સિટીના રેગ્યુલર પ્રવેશ સાથે આપવામાં આવેલી છે. જેની જાણ કેન્દ્રોને પત્ર અને ફોન દ્વારા કરવામાં આવી છે. BLIS કેન્દ્રોને પ્રવેશની કાર્યવાહી હાથ ધરવા અને આ સંદર્ભે કોઈ સમસ્યા હોય તો M: 9978408911 પર સંપર્ક કરવા વિનંતી છે.

## અભ્યાસ–સામગ્રી વિભાગ

દૂરવર્તી શિક્ષણમાં વિદ્યાર્થીઓ માટે સ્વ–અધ્યયન તેમજ સતત અધ્યયન કરવું અનિવાર્ય છે. વિદ્યાર્થીઓની આ સફળતાના પાયામાં ઉત્કૃષ્ટ અને પર્યાપ્ત અભ્યાસ–સામગ્રીનું અધ્યયન રહેલુ છે.

ફેબ્રુઆરી–૨૦૧૨માં 137 કેન્દ્રો પર 09,665 વિદ્યાર્થીઓ માટે તેમના પસંદ કરેલા અભ્યાસક્રમની સમગ્ર અભ્યાસ–સામગ્રી 487 પાર્સલ દ્વારા તેમના કેન્દ્રો પર પહોંચાડવામાં આવી. આ ઉપરાંત IHTMના 24 કેન્દ્રો પર 68 પાર્સલ તેમજ B.Ed.ના 07 કેન્દ્રો પર 11 પાર્સલ અભ્યાસ–સામગ્રીના રવાના કરવામાં આવ્યા. આ સિવાય ઓગષ્ટ-2012 ના સત્ર માટે 279 કેન્દ્રો પર 277 પાર્સલમાં 31650 એડમીશન ફોર્મ 34 ટ્રાન્સપોર્ટ કંપનીની મદદથી રવાના કર્યા છે.

વિદ્યાર્થીઓ આ અભ્યાસ–સામગ્રીનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને દૂરવર્તી શિક્ષણના મૂળ ઉદ્દેશ્યને યથોચિત્ત સફળ બનાવે તેવી શુભેચ્છા.

## પરીક્ષા વિભાગ

- જુન 2012માં IHTM દ્વારા ચલાવતા તમામ કોર્ષની પરીક્ષાનું આયોજન કરવામાંઆવેલ. BBANEW, BBAOLD, BBAHT, BBAAT & APGDBA ના પરિણામની જાહેર કરવામાં આવેલ છે.
- યુનિવર્સિટી દ્વારા તમામ કોર્ષની સત્રાંત પરીક્ષા જુલાઈ-2012માં લેવામાં આવી. લેવાયેલ તમામ પરીક્ષાના પરિણામ જાહેર કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

CCC -BAOU OLD & NEW નું પરિણામ જાહેર કરવામાં આવેલ છે.

## પ્રોગ્રામ એડવાઈઝરી કમિટિની થયેલ બેઠકો

**DIP અભ્યાસક્રમ અંતર્ગત PACની બેઠક**

યુનિવર્સિટી દ્વારા વિવિધ અભ્યાસક્રમો ચાલે છે. જેમાં ડિપ્લોમા ઈન ફિઝીયોથેરાપી(DIP) અભ્યાસક્રમની PACની બેઠક તા.૨૪/૦૬/૨૦૧૨ના રોજ AMA ખાતે મળી હતી. PAC બેઠકના અધ્યક્ષ ડૉ. મહેન્દ્રભાઈ ચોટલીયાએ કમિટિને માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ બેઠકમાં DIP અભ્યાસક્રમ દૂરવર્તી શિક્ષણપધ્ધતિથી નહીં, પરંતુ ફેસ ટુ ફેસ ચલાવવામાં આવે અને નિયમાધિન દરેક પ્રક્રિયામાંથી સદર અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ જ શરૂ કરવો તેવું સૂચન કરવામાં આવ્યું. ઉપરાંત હાલમાં અભ્યાસક્રમનું સાહિત્ય ઉપલબ્ધ હોય તો તેને રીવ્યુ કરી સુધારા વધારા કરવા માટે એક સમિતિનું ગઠન કરવામાં આવે તેમજ DIP અભ્યાસક્રમનો પ્રોજેકટ રિપોર્ટ નવેસરથી તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરવાની થાય તેવું નકકી કરવામાં આવ્યું.

### CHOICE BASED CREDIT SYSTEM

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય તેમજ શ્રી ક્રાંતિગુરૂ શ્યામજીકૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી વચ્ચે થયેલા CHOICE BASED CREDIT SYSTEM અંગેના MOU મુજબ ચાલુ વર્ષ દરમ્યાન કુલ 656 વિદ્યાર્થીઓની પ્રાદેશિક કેન્દ્ર ભૂજ ખાતે પરીક્ષાઓ યોજવામાં આવી હતી. આ પરીક્ષાના પરિણામો પ્રાદેશિક કેન્દ્ર પર ઉપલબ્ધ કરવામાં આવ્યાં છે. તદ્ઉપરાંત હાલમાં વર્ષ 2012-13ની CBCS અંતર્ગતની પ્રવેશ પ્રક્રિયાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી છે.

# इंटरनेट और हिन्दी

• डॉ. कुसुम शर्मा
व्याख्याता हिन्दी

हिन्दी ने अपने उद्भव काल से आज तक बदलते युग-बोध के साथ-साथ चलने के लिए जिन सोपानों को पार किया है, उन सोपानों पर उसकी उत्तरोत्तर प्रगति और कालक्रम में अर्जित की गई क्षमताओं से उसमें जो व्यापकता आई है, नये-नये क्षितिजों का निरन्तर विस्तार हुआ है, उसके चलते आज हिन्दी विभिन्न क्षेत्रों में अपरिहार्य हो गई है। इसका प्रमाण है कि वर्तमान में जन संचार के आधुनिकतम माध्यमों में हिन्दी की पैठ निरंतर गहरी होती जा रही है और माइक्रोसोफ्ट जैसी बहुराष्ट्रीय कंपनिया भी अपने विकास के लिए हिन्दी को अनदेखा नहीं कर रही हैं।

आज इलैक्ट्रोनिक मीडिया ने इस बात को सिद्ध कर दिया है कि, हिन्दी मात्र दर्शन, विज्ञान, अथवा साहित्य और समाजशास्त्र की भाषा नहीं हैं अब वह बैंकिग, पर्यटन, फिल्म और विज्ञापन जगत की भाषा भी है। उससे इस भाषा का नया सौन्दर्य शास्त्र गढ़ा जा रहा है। हिन्दी आज की आवश्यकता है। इसी आवश्यकता की पूर्ती के लिए इंटरनेट पर हिन्दी में सभी प्रकार के उपयोग की सामग्री उपलब्ध है।

इंटरनेट आज तेजी से सर्व सुलभ हो रहा है। भारत में इंटरनेट पर अंग्रेजी के वर्चस्व और प्रादेशिक भाषाओं के बढते प्रयोग ने भारतीय भाषाओं के साहित्य को इंटरनेट पर सुलभ बना दिया है।

इंटरनेट पर हिन्दी में अनेक वैबसाइट और ब्लौग मौजूद हैं। प्रमुख वैबसाइटों में से हिन्दी नेस्ट Hindinest.Com एक है। इस पर हिन्दी में कविता, कहानी, निबन्ध, लेख, कार्टून, नृत्य, परिवार, फीचर, बच्चों की दुनिया, भक्तिकाल धर्म, लेखक व्यक्तित्व, व्यंग्य, विश्व साहित्य, स्मरण, सृजन, साहित्यकोश आदि विषयों और शीर्षकों के अन्तर्गत महत्वपूर्ण सूचनाएँ उपलब्ध हैं। इसी तरह अभिव्यक्ति abhivyakti hindi.org वैबसाइट है। इस वैबसाइट पर पुराने लेखों का संग्रह, प्रमुख वैबसाइटों के लिंक आदि दिए गए हैं। इसमें उपलब्ध हिन्दी लिंक सभी नेट उपभोक्ताओं के लिए उपयोगी है। इसमें विश्वजाल पर शब्दकोश, हिन्दी अंग्रेजी शब्दकोश, शब्दकोश डोटकोम, बहु भाषी भारतीय शब्दकोश, अंग्रेजी से हिन्दी शब्दकोश, हिन्दी सीखिए, विश्वजाल पर हिन्दी पत्र-पत्रिकाएँ प्रमुख साहित्यिक पत्रिकाओं के पते आदि उपलब्ध हैं।

साहित्य कुंज Sahityakunj.net भी साहित्य प्रेमियों के लिए एक उपयोगी वैबसाइट है। साहित्यकुंज वैबसाइट का बीजमंत्र हैं अंतर्जाल पर साहित्य प्रेमियों का विश्राम स्थल। इस वैबसाइट पर साहित्य प्रेमियों के लिए विविध विधाओं जैसे कहानी, कविता, लोक-कथा, लघु-कथा, आलेख, हास्यव्यंग्य, महाकाव्य अनूदित साहित्य, साहित्यिक चर्चा, साहित्यिक समाचार, पुस्तक समीक्षा आदि के संबंध में महत्वपूर्ण जानकारी दी गई है। वैब दुनिया webdunia.com वैबसाइट पर समाचार, खेल, ज्योतिष, योग, साहित्यिक पत्रिका, पर्यटन, जैसे अनेक विषयों की हिन्दी में सामग्री उपलब्ध है। हिन्दी वैबसाइटों की दुनिया में साहित्य शिल्पी (Sahityashilpi) का नाम भी प्रसिद्ध है। इस वैबसाइट पर साहित्यिक विविध विधाओं की सामग्री, कार्टून आदि के साथ साहित्यकारों का परिचय इसका सबसे महत्वपूर्ण अंग है।

इंटरनेट पर हिन्दी ब्लौग की बात की जाय तो हिन्दी ब्लौग की भरमार है। कथा काव्यम् जनगाथा, हम जबान, हिन्दी साहित्य सरिता, सूरज प्रकाश, कृत्या अभिव्यक्ति, शब्द सृजन, सृजन यात्रा, सेतु साहित्य वाटिका, नये स्वर, नये कदम, गवाक्ष रचना रुप, कविताएँ आलेख आदि आसानी से यहाँ मिल जाते हैं। इस प्रकार इन वैबसाइटों पर पाठकों के लिए हिन्दी में अद्यतन जानकारी उपलब्ध रहती है।

निश्चित ही आज इंटरनेट पर हिन्दी, हिन्दी साहित्य, पत्र- पत्रिकाएँ ब्लौग आदि सभी कुछ प्रचुर मात्रा में उपलब्ध हैं। यही कारण है कि हिन्दी के विकास में इंटरनेट सबसे अधिक सहायक सिद्ध हो रहा है।

टीपाय तो,
माटी घडो बने
दटाय तो,
बीज वृक्ष बने
घसाय तो,
चंदन सुगंध बने
संस्कारथी,
लघु गुरु बने

અજ્ઞાનતિમિરાન્ધસ્ય,
જ્ઞાનાજંન શલાકયા
ચક્ષુરુન્મિલિતમ્ યેન,
તસ્મૈશ્રી ગુરવે નમઃ

સંકલન–આદિત્ય કિરણ–06 સપ્ટેમ્બર–2012

## પુસ્તક પરિચય

– ડૉ. હેતલ કિરીટકુમાર ગાંધી
વ્યાખ્યાતા ગુજરાતી

### 'એક પીછું હવામાં તરે છે'

-લે. હિતેન આનંદપરા, પ્રથમ આવૃત્તિ નવે. 2008,
ઈમેજ પબ્લિકેશન્સ પ્રા.લિ., અમદાવાદ કુલ પાનાઃ107 કિ.100-00

**'એક પીછું હવામાં તરે છે'** કાવ્યસંગ્રહમાં હિતેન આનંદપરા પોતાની કાવ્ય-યાત્રાની તસ્વીર રજૂ કરે છે. તેની પ્રસ્તાવના 'એક નાનકડો દીવો'માં તેઓ ઈશ્વર પાસેથી મળેલી ઘણી ભેટમાંથી 'કવિતા'ની ભેટ પર ગર્વ અનુભવે છે. આ કવિતાની હથોટી પામવાના આહ્‌લાદક અનુભવના ઉન્માદને કવિતામાં રજૂ કરતા કવિ કહે છે,

'તુમકો યૂં ઢૂંઢને મેં કહાં તક નિકલ ગયા
ન જાને કિતને સાલ તક મેં લાપતા રહા'

પ્રથમ કાવ્યસંગ્રહ 'સૂર્યનું પ્રથમ કિરણ' પ્રગટ થયાં પછીના ૯ વર્ષે આ બીજો કાવ્યસંગ્રહ કવિ પ્રગટ કરે છે. આ સંગ્રહમાં ઘણી ગઝલો, ગીતો અન અછાંદશ કવિતાઓનો તેમણે સમાવેશ કર્યા છે. એમની ગઝલોમાં એક સૌથી ધ્યાન ખેંચે તેવી બાબત છે કે મોટાભાગની ગઝલોના શીર્ષક તેમણે આપ્યાં નથી. મુકત આકાશમાં વિહરતા અને તેમના મનમાં ચાલતા તરંગો, ઈન્દ્રિયગ્રાહય અનુભવો, વાસ્તવિક જગતમાં વર્તાતી પરિસ્થિતિને અને જિંદગીના નાનપણથી થયેલા અનુભવોના અર્કને, સુખ–દુઃખના સંજોગોની સરવાણીને છંદના બંધારણમાં ઘોળીને તેમણે પ્રસ્તુત કરી છે.

સૌથી સુંદર તો, પ્રસ્તાવનામાં લખેલી પંકિતઓ છે જે તેમના મનોભાવને અને કવિની માનસિકતાને સચોટ રીતે વ્યકત કરે છે. જેમાં કવિના પરકાયા પ્રવેશની પ્રક્રિયાનો નિર્દેશ બખૂબી શબ્દોમાં ઉતર્યો છે,

'કશું નકકર લખાતું હોય જ્યારે ?
પ્રવેશે આપણામાં કોઈ ત્યારે !'

આ કાવ્યસંગ્રહ કવિ પોતાની પત્નીને અર્પણ કરતા– 'જરૂરતથી વધારે શબ્દનો ઉપયોગ ન હો......' (પૃષ્ઠ–૯) એમ કયાંક મૌન દ્વારા, તો કયાંક પ્રકૃતિનું ઓઢણું લઈને પ્રણય અને દામ્પત્યજીવનના અનુભવોની વાત કરતા જણાય છે. અહીં કવિ કયાંક પ્રકૃતિ, પ્રણય અને વાસ્તવિકતા સાથે ઈશ્વરીયતત્ત્વનું અનુસંધાન પણ મેળવતા જણાય છે.

'નદીની જેમ જીવવું બહુ જ અઘરું છે આ દુનિયામાં,
કે આખી જાતને વિલીન કરવાની તડપ ક્યાં છે?' (પૃ.૧૯)

એમની ગઝલોમાં ઈશ્કેહકીકી અને ઈશ્કેમિજાજીની મહેફિલ રચાતી જોવા મળે છે. આ ઉપરાંત પ્રકૃતિના સાનિધ્યમાં અને બાળપણના વિતેલા સમયની ગોદમાં કવિ પોતાના ભાવને અભિવ્યકત કરે છે. પ્રાસ, લય અને ભાવનો સુમેળ સાધી કવિતાના ખડિયામાં કલમને બોળીને શબ્દનું પીછું તેમણે હવામાં તરતું મૂક્યું છે.

તેમની અછાંદશ કવિતા વાસ્તવ જગતના ગૂઢ ભાવોને કયારેક આકરા શબ્દોમાં, કયારેક કટાક્ષમાં તો કયારેક બે કડીની વચ્ચે રહેલા મૌન દ્વારા વાચા આપે છે. 'ડિપ્રેશન', 'એક સમસ્યા', 'સ્મૃતિ', 'નિરર્થક' જેવી કવિતાઓ તેમના સ્થૂળ સૃષ્ટિ તરફથી સૂક્ષ્મજગત સુધીની ગતિની સાક્ષી બનતી જણાય છે. તેમની ગઝલો અને કવિતાઓ તેમના મનનું પ્રતિબિંબ છે. સ્મૃતિઓના અને અતિતના પડછાયાને સમેટતા કવિ પોતાની આ અલૌકિક યાત્રાને આ શબ્દોમાં વ્યકત કરે છે,

'ટૂંકમાં કહેવાની મારી ટેવ છે,
પૂર્વભૂમિકા કદી બાંધી નથી,
આજ કારણે બધું કહેવા છતાં,
વાત એને કાંઈ સમજાણી નથી.'(પૃ.૧૦૪)

તેથી જ તો ગઝલના વાઘાને શણગારવામાં કવિએ મથાળાને બાંધવાની પળોજણ કરી નથી. આ નવ વર્ષથી ચાલતી કવિસૃષ્ટિને પીછાંથી ઉદ્‌ભવતી સુંવાળી હવામાં તરતી મૂકતા કવિ પોતાના કવિતા સાથેના સંબંધને આ રીતે રજૂ કરે છે,

'દૂર થવાથી દૂર જવાથી, આમ કદી કયાં દૂર થવાયું,
સ્મરણ હંમેશા સંબંધોથી ડગલું આગળ એક સવાયું,
જવું જવું કરવાની સાથે, જતી કરી પોતીકી દુનિયા,
પણ તું સાચું કહે જે એ દિલ, તારાથી કંઈ દૂર થવાયું'
(પૃ.૧૦૪)

ખુલ્લા મનમાં ચાલતા સંવેદનોને તાજગીભર્યા શબ્દો મળે તો ગુજરાતી કાવ્યની સૃષ્ટિને આવા ઝિંદાદિલ કવિઓ મળે.

## પરિસંવાદ/વકતવ્ય પ્રતિનિધિત્વ



- ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિષયના આસી. પ્રોફેસર ભરત ઠાકોરે સાહિત્ય અકાદમી દિલ્લી દ્વારા યુવા સાહિત્યકાર સંમેલનમાં "North East and Western Young Writer's Meet" માં એમ. એસ. યુનિવર્સિટી વડોદરા ખાતે દિ. ૧–૨, સપ્ટેમ્બર– ૨૦૧૨ના રોજ કવિતા પઠન માટે પ્રતિનિધિત્વ કર્યુ.

- શાંતિ સંશોધન કેન્દ્ર અને વિલ્ફ(WILPH) ગુજરાતના સંયુકત ઉપક્રમે તા. 2–3 માર્ચ, 2012ના રોજ ગૂજરાત વિદ્યાપીઠમાં 8 માર્ચના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉપલક્ષે **"મહિલાઓની દશા અને દિશા"** વિષય પર રાજયકક્ષાનો પરિસંવાદ યોજાય ગયો. જેમાં ડૉ. મીના રાજપૂત અને ડૉ. હેતલ ગાંધી સંશોધનપત્ર રજૂ કરી સહભાગી થયા હતા.

## અભ્યાસકેન્દ્રો/પ્રોગ્રામકેન્દ્રો તરીકેની માન્યતા

| ક્રમ | સેન્ટર કોડ | સેન્ટર નામ | કોર્સ |
|---|---|---|---|
| 1. | 0304 | શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નાગલપુર રોડ, માડવી, જિ. કચ્છ–૩૭૦ ૪૬૫ | અનુસ્નાતક (ગુજરાતી, અગ્રેજી, અર્થશાસ્ત્ર), સ્નાતક (બી.એ.,બી.કોમ.), CCC-BAOU, CIC, CCCD, CPCS, CNM, DCA, DFM, DAA |
| 2. | 1025 | શ્રી ધાનેરા તાલુકા યુવક મડળ સચાલિત આદર્શ આર્ટ્સ કોલજ, વિવેકાનદ વિદ્યાલય કેમ્પસ, મુ. તા. ધાનેરા, જિ. બનાસકાઠા– ૩૮૫ ૩૧૦ | CCC-BAOU તથા CIC |
| 3. | 0433 | ભવન્સ શ્રી આઈ. એલ. પડયા આર્ટ્સ–સાયન્સ એન્ડ શ્રીમતી જશોદાબેન એમ. શાહ કોમર્સ કોલેજ, ભવન્સ કોલેજ કેમ્પસ, મુ.પો. ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા– ૩૮૮ ૨૨૫ | સ્નાતક, અનુસ્નાતક, (CTBA, CYS, CIN, DMCH, DVHW સિવાયના) તમામ સર્ટિફિકેટ કોસ તથા ડીપ્લોમા અભ્યાસક્રમો |
| 4. | 1616 | સર્વોદય કોલેજ ઓફ એજયુકેશન, કાનોડ–પીગળી રોડ, મુ.પો.શામળદેવી–ડેરોલ સ્ટેશન, તા. કાલોલ, જિ. પચમહાલ–૩૮૯ ૩૨૦ | BPP, CCC-BAOU, CTE તથા CCAW અભ્યાસક્રમો |
| 5. | 0532 | શ્રી જનજાગૃતિ કેળવણી મડળ, બી–૧, મેઘદૂત ટેનામેન્ટ, માર્કેટ યાર્ડની પાછળ, મુ. તા.– કલોલ જિ. ગાધીનગર– ૩૮૨ ૮૨૧ | BPP, CFN, CCCD, CCSE, CCBP અભ્યાસક્રમો |

## નવનિયુક્ત થયેલ APB મેમ્બરની યાદી

| | | |
|---|---|---|
| ડૉ. મનોજભાઈ સોની<br>અધ્યક્ષ અને મા.કુલપતિશ્રી<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર<br>મુક્ત વિશ્વવિદ્યાલય,અમદાવાદ. | ડૉ. ધરમભાઈ ડી. કાબલીયા<br>હરીપર (PAL) મોટેલ ધી<br>વીલેજ સામે, દિલ્હી પબ્લિક<br>સ્કુલની પાછળ,<br>કાલાવાડ રોડ,<br>રાજકોટ - 360 005, | ડૉ. મહેન્દ્રભાઈ એમ. ચોટલીયા<br>પી. જી. એજયુકેશન ડિપાર્ટમેન્ટ,<br>સરદાર પટેલ યુનિવર્સિટી,<br>વલ્લભ વિદ્યાનગર–388120 |
| ડૉ. કુસુમ બી. શર્મા<br>મદદનીશ પ્રાધ્યાપક<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર<br>મુક્ત વિશ્વવિદ્યાલય,અમદાવાદ. | ડૉ. મીનાબેન રાજપૂત<br>મદદનીશ પ્રાધ્યાપક<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર<br>મુક્ત વિશ્વવિદ્યાલય,અમદાવાદ. | ડૉ. બી. એમ. પરમાર<br>સહ પ્રાધ્યાપક<br>રાજ્યશાસ્ત્ર વિભાગ,<br>નલીની–અરવિંદ એન્ડ ટી.વી.પટેલ<br>આર્ટસ કોલેજ, નાના બજાર,<br>વલ્લભ વિદ્યાનગર–388120 |
| ડૉ. ધર્મેન્દ્રભાઈ બકરાણીયા<br>46, મુકેશપાર્ક સોસાયટી,<br>132 ફૂટ રીંગરોડ,<br>એમ. એમ. ઓવરબ્રીજ પાસે,<br>સેટેલાઈટ, અમદાવાદ–15 | શ્રી હેમલભાઈ પટેલ<br>સી.ઈ.ઓ.(ઈલાઈટ કોર)<br>904, સીલીકોન ટાવર,<br>પરિસીમા બિલ્ડીંગ પાછળ,<br>સી. જી. રોડ ઓફિસ,<br>નવરંગપુરા, અમદાવાદ. | ડૉ. ધવલ પડયા<br>(નિયામક–SSS)<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત<br>વિશ્વવિદ્યાલય, અમદાવાદ. |
| ડૉ. રવિભાઇ ગોર<br>નિયામક (એકેડેમિક)<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર<br>મુક્ત વિશ્વવિદ્યાલય,અમદાવાદ. | | |

## નવનિયુક્ત થયેલ બોર્ડ મેમ્બરની યાદી

નામદાર રાજયપાલશ્રીએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલાધિપતિશ્રી તરીકે આ યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં નીચે દર્શાવેલ ઓર્ડિનરી મેમ્બરની નિયુકિત દિ. 14-06-2012 થી ત્રણ વર્ષ માટે કરેલી છે –



**શ્રી જયરાજસિંહજી પ્રતાપસિંહ પરમાર**
"સ્વતંબંગલો"
નારાયણપાર્ક સોસાયટી, રેડ રોઝ
રેસ્ટોરન્ટ સામે, એલ. ડી. આર્ટસ કૉલેજ
પાસે, કોમર્સ કૉલેજ રોડ,
કોમર્સ છ રસ્તા, નવરંગપુરા,
અમદાવાદ–380009



**શ્રી જયોર્જ ડાયસ**
20, સહજાનંદ સોસાયટી,
હોટલ જનપથની બાજુમાં,
સી. ટી. એમ., પો. અમરાઈવાડી,
અમદાવાદ – 380 026
(મો) 9978407742



**શ્રી મૌલિકકુમાર ખાનજીભાઈ શ્રીમાળી**
31, "શ્રી મેહેર સાગર",
હાઉ. સર્વિસ કો. ઓપ. સોસાયટી લિ.,
જલારામ મંદિર પાસે,કપડવંજ રોડ,
નડિયાદ – 387 001 (મો) 9978407741



**ડૉ. ધરમભાઈ ડી. કાંબલીયા**
હરીપર (PAL) મોટેલ ધી વીલેજ
સામે, દિલ્હી પબ્લિક સ્કુલની પાછળ,
કાલાવાડ રોડ,રાજકોટ – 360 005,
(મો) 9978408791



**ડૉ. શ્રધ્ધાબહેન બી. રાય**
35, આરોહી વિહાર, બોપલ 444 પાસે,
સરદાર પટેલ રીંગ રોડ,બોપલ,
અમદાવાદ–380 054
(મો) 9978408792



**શ્રી મધુભાઈ એસ. પરમાર**
11, સહદેવ હાઉસીંગ સોસાયટી,
ફીઝીકલ ગ્રાઉન્ડ પાસે, ખોખરા,
અમદાવાદ – 380 008
(મો) 9978408932



કાર્યશાળાનું
દીપ પ્રાગટ્ય સાથે
ઉદ્‌ઘાટન
મા.કુલસચિવ
શ્રી પિયૂષભાઈ શાહ
અને શ્રી પી. સી. શાહ




કાર્યશાળાનું એંકરીંગ કરતાં ડૉ. વૈશાલીબેન ભાવસાર




વકતવ્ય આપતા શ્રી પી. સી. શાહ



શ્રોતાગણ



વકતવ્ય આપતા શ્રી નવલસિંહ વાઘેલા



વકતવ્ય આપતા ડૉ. મયંક ત્રિવેદી



શ્રોતાગણ




આભારવિધિ કરતાં ડૉ. ચેતના શાહ

## સ્વાગત સહ આવકાર



ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. મનોજભાઈ સોની સાહેબને પુનઃ ત્રણ વર્ષ માટે આ યુનિવર્સિટીના કુલપતિ તરીકેની નિમણૂક મળી છે તે બદલ યુનિવર્સિટી પરિવાર ખૂબ જ હર્ષની લાગણી સહ તેમનો આવકાર અને સ્વાગત કરે છે.

તેમની ઉમદા રાહબરી હેઠળ સંસ્થાએ કરેલો વિકાસ, તેમના ખંતીલા સ્વભાવ અને નવીન વિચારને અમલમાં મૂકવાની શકિત, સકારાત્મક અભિગમ, પરિવારની ભાવના, આગવો દૃષ્ટિકોણ અને પ્રગતિશીલ અભિગમનાં પરિણામ સ્વરૂપ આંબેડકર પરિવારને પુનઃ તેમની સાથે કામ કરવાની તક મળી છે તે બદલ ખૂબ જ હર્ષોઉલ્લાસથી તેમનું સ્વાગત કરે છે.

"ધ્યેય, વિશ્વાસ, પ્રામાણિકતા, મહેનત, નિષ્ઠા જેવાં મૂલ્યો હોય જયાં, જીત હંમેશાં એની જ થાય સદા !

ડૉ. બાબાસાહેબ આંબેડકર
મુક્ત વિશ્વવિદ્યાલય પરિવાર

## ડૉ. રવિ ગોરની નિયામકશ્રી એકેડેમીક તરીકેની નિમણૂક



ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલયમાં યુનિવર્સિટીના પ્રથમ કાયમી એકેડેમિક નિયામક તરીકે ડૉ. રવિ ગોરની નિમણૂક થઈ છે. આ પહેલા તેઓ સંતકબીર ઈન્સ્ટિટયૂટ ઓફ પ્રોફેશનલ સ્ટડીઝમાં ડીન એકેડેમિક તરીકે કાર્યરત હતા. તેઓ ગણિત વિષયમાં Ph.D.ની ડિગ્રી ધરાવે છે તથા કેનેડાની યુનિવર્સિટી ઓફ ન્યૂ બ્રુન્સવીકનાં પોસ્ટ ડોકટરલ ફેલો છે. આમ તેમના બહોળા અનુભવનો લાભ આ યુનિવર્સિટીને પ્રાપ્ત થશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુકત વિશ્વવિદ્યાલય પરિવાર ડૉ. રવિ ગોરની કાયમી નિમણૂકને આવકારે છે અને તેમનું હૃદયથી સ્વાગત કરે છે.


### સમાચારો નીચે મુજબના સરનામે મોકલવા

**સંયોજકશ્રી**
ડૉ. ચેતના શાહ, ગ્રંથપાલ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય,
આર.સી. ટેકનિકલ ઈન્સ્ટિટયૂટ કેમ્પસ,
ગુજરાત હાઈકોર્ટ સામે, સરખેજ- ગાંધીનગર હાઈવે,
સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦

તંત્રી પ્રકાશક : શ્રી પીયૂષ શાહ, કુલસચિવશ્રી(ઇ.ચા)
ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય
આર.સી. ટેકનિકલ ઈન્સ્ટિટયૂટ કેમ્પસ,
ગુજરાત હાઈકોર્ટ સામે, સરખેજ- ગાંધીનગર
હાઈવે, સોલા,
અમદાવાદ-૩૮૦૦૬૦,

સંપાદક : ચેતના શાહ, કુસુમ શર્મા, ભરત ઠાકોર

કમ્પ્યુટર સેટિંગ અને ડિઝાઈન : ગીતા પરીખ

પ્રૂફ રીડીંગ : ડૉ. હેતલ ગાંધી


### જ્ઞાનગંગા સંદર્ભે નમ્ર નિવેદન

પરિવર્તન એ એક સતત પ્રક્રિયા છે. તે પરિવર્તન માટે અમે આતુર છીએ. આપના અભિપ્રાય માટે અને આપના પ્રતિભાવ માટે ...આપના પ્રતિભાવથી જ અમે જ્ઞાનગંગા મુખપત્રમાં પ્રકાશિત માહિતીમાં અને રજૂઆતમાં પરિવર્તન લાવી શકીશું. કેન્દ્ર સંયોજકશ્રીએ દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થી માટે કરેલ કામગીરી કે મેળવેલ સિદ્ધિ જ્ઞાનગંગાના સંયોજકને મોકલવી કે જેથી કરીને સૌના સહકારથી મુખપત્રને વધુ માહિતી સભર બનાવી શકાય.

BOOK POST

STAMP

To,


કુલસચિવ
ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય
આર.સી. ટેકનિકલ ઈન્સ્ટિટયૂટ કેમ્પસ,
ગુજરાત હાઈકોર્ટ સામે, સરખેજ- ગાંધીનગર હાઈવે,
સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦,ગુજરાત)
ઈ-મેઈલ : feedback@baou.org
વેબસાઈટઃ www.baou.edu.in